એસ્સારનાં બાકી લેણાં વસૂલવા ત્રણ બૅન્ક ઍકાઉન્ટને સીલ કર્યા

૯૧૦૦ કરોડના ટેક્સ માટે રાજ્ય સરકારનું હિંમતભર્યું પગલું,અદાલતમાં પછડાટ મળતાં સેલ્સ-ટેક્સ વસૂલાત તેજ બની,વ્યાજ-પેનલ્ટી માફ નહીં થાય

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૯

એસ્સાર ઓઇલના બાકી લેણાં માટે રાજ્ય સરકારે આજે કઠોર કદમ ઉઠાવી કંપનીના ત્રણ બેન્ક એકાઉન્ટ સીલ કરી દીધાં છે. કહેવાય છે કે સીલ કરતાં અગાઉ કંપનીમાંથી ૪૦૦૦ કરોડ રૂપિયાની વસૂલાત કરવામાં આવી છે.

હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં કેસ હારી જતાં એસ્સાર પાસેથી ૯૧૦૦ કરોડના બાકી ટેક્સ, વ્યાજ અને પેનલ્ટી વસૂલ કરવાની થાય છે. સુપ્રિમ કોર્ટે બાકી લેણાં વસૂલવા આપેલા ચૂકાદા પછી એસ્સાર ઓઇલે હાઇકોર્ટમાં એક પીટીશન કરીને કહ્યું હતું કે આ સરકાર બળજબરીથી નાણાં વસૂલ કરવા માગે છે. એ ઉપરાંત ટેક્સનું વ્યાજ અને પેનલ્ટીની કડક ઉઘરાણી કરે છે. અમારે બાકી ટેક્સમાં હપ્તા જોઇએ છે અને વ્યાજ તેમજ પેનલ્ટી માફ જોઇએ છે, પરંતુ સરકાર પક્ષે ધારદાર દલીલ થતાં છેલ્લે હાઇકોર્ટે એસ્સારની પીટીશન કાઢી નાંખી હતી અને રાજ્ય સરકારને બાકી વસૂલાત કરવાની લીલીઝંડી આપી હતી.

કોમર્શિયલ ટેક્સના સ્પેશ્યલ કમિશનર ડી.થારાએ જણાવ્યું હતું કે અમે બાકી લેણાં વસૂલ કરવા એસ્સાર ઓઇલના ત્રણ બેન્ક એકાઉન્ટ સીલ કર્યા છે.

એસ્સાર ઓઇલને ન્યૂ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ સ્કીમ ૧૯૯૫-૨૦૦૦ અંતર્ગત ટેક્સ લાભ મળ્યો હતો જે મુજબ કંપનીને ૧૭ વર્ષ માટે ૧૨૫ ટકાનો ટેક્સ લાભ મળવાપાત્ર હતો. આ લાભ માટે કંપનીએ તેનું ઉત્પાદન ૧૫મી ઓગષ્ટ-૦૩થી શરૂ કરવાનું હતું પરંતુ તેણે ૨૬મી નવેમ્બર-૦૬થી કામગીરી શરૂ કરી હતી. જોકે એસ્સારને લાભ આપીને રાજ્ય સરકારની તિજોરીને ૧૦,૦૦૦ કરોડનું નુકસાન થયું હતું. કંપની પાસેથી આ રકમ વસૂલ કરવા સુપ્રિમે આદેશ કર્યો હતો.

સરકારના આ પગલાં સામે એસ્સારના પ્રવક્તાએ કહ્યું હતું કે સુપ્રિમના આદેશ પ્રમાણે એસ્સાર ઓઇલ તેના બાકી નિકળતા ૬૧૬૯ કરોડ સરકારને ચૂકવવા સંમત છે. અમે સરકારમાં તાત્કાલિક તો ૧૦૦૦ કરોડ તો ભરવા તૈયાર છીએ. બાકીના ૫૧૬૯ કરોડ માટે સરકારને હપ્તાની તેમજ ૧૯૩૨ કરોડના વ્યાજ બાબતે સરકારને રિક્વેસ્ટ કરી હતી.

આ કંપનીએ ગુજરાતમાં એક લાખ કરોડનું મૂડીરોકાણ કર્યું છે. અમે રિઇન્વેસ્ટમેન્ટ થકી ગુજરાતને ૧૦ હજાર કરોડનો ટેક્સ આપ્યો છે. રાજ્ય સરકારના બેન્ક એકાઉન્ટ સીલ કરવાના અણધાર્યા પગલાંથી અમને આંચકો લાગ્યો છે. જો કે રાજ્ય સરકાર વ્યાજ કે પેનલ્ટી પણ માફ કરવા માગતી નથી.

વિધાનસભાની સામાન્ય ચૂંટણીના આયોજન અંગે માર્ગદર્શન આપવા દેશના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી સંપટ આજે ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. સોમવારે આખો દિવસ રાજકીય પક્ષોના આગેવાનો તથા વહીવટી તંત્રના અધિકારીઓ સાથે તબક્કાવાર ચર્ચા-વિચારણાઓ કરી હતી. નિષ્પક્ષ અને ન્યાયી ચૂંટણી માટે પંચની પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

વરસાદી વાદળો ન બંધાતા ચિંતાના વાદળો ઘેરાયા

ગાંધીનગર, તા.૯

વરસાદની રાહ જોઈને થાકેલા વસાહતીઓએ હવે આકાશ તરફ જોવાનુ પણ માંડી વાળ્યુ છે. ભયંકર બફારાથી કંટાળેલા વસાહતીઓ સૂર્યાસ્ત થતાં જ ઘરની બહાર ટહેલવા નીકળી પડે છે.

ઘણા દિવસોથી ધોધમાર વરસાદની રાહ જોઈ રહેલા વસાહતીઓ હવે થાક્યા છે. શનિવારે થોડોક વરસાદ પડ્યા બાદ સાવ બંધ થઈ ગયેલા વરસાદના કોઈ એંધાણ દેખાતા નથી. આકાશમાંથી વાદળો સાવ ગાયબ થઈ ગયા છે. આકરો તડકો પડે છે અને સાથે જ ભયંકર બફારાનો અનુભવ થઈ રહ્યો છે. ભેજનું પ્રમાણ ખુબ વધુ હોવાથી રાત્રે પણ ચેન મળતુ નથી. પરસેવે રેબઝેબ થઈ જવાય તેવી ગરમી પડે છે. વરસાદની આશા બંધાય છે પરંતુ વરસાદ મન મુકીને વરસતો નથી.વરસાદ ખેંચાતા વસાહતીઓની સાથે સાથે ખેડૂતો ચિંતામાં મુકાયા છે. દિવસે દિવસે ચિંતાના વાદળો વધુ ઘેરાતા જાય છે. ખરીફ પાકની વાવણીનો સમય થઈ ગયો છે. ઘણા ખેડૂતોએ ખેતરોમાં વાવણી પણ કરી દીધી છે. જો હજુ વરસાદ ખેંચાશે તો ખરીફ પાક પર તેની અસર થશે. સિંચાઈ માટે વરસાદ પર આધાર રાખતા ખેડૂતો સારા ચોમાસા માટે સતત પ્રાર્થના કરી રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિ.સે. અને મહત્તમ તાપમાન ૩૭.૮ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૭૫ ટકા અને સાંજે ૪૬ ટકા રહ્યું હતુ.

ધો-૧૦ અને ૧૨માં ૧૨૯૯૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે

બોર્ડ ઉપરાંત સ્થાનિક સ્કવોર્ડની ટીમ વોચ રાખશે

ગાંધીનગર, તા.૯

ધો-૧૦ અને ૧૨ના રીપીટર વિદ્યાર્થીઓ માટે આગામી તા. ૧૨ થી ૧૪ જુલાઈ દરમિયાન પૂરક પરીક્ષા યોજવામાં આવનાર છે. જિલ્લાના ૧૨૯૯૮ વિદ્યાર્થીઓ એક થી બે વિષયની પૂરક પરીક્ષા આપશે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાના અંતે પરિણામ જાહેર થયા બાદ એકાદ વિષયની પરીક્ષા આપવાની થતી હોય તેવા વિદ્યાર્થીઓને અનુલક્ષી આગામી તા. ૧૨ જુલાઈના રોજ પૂરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨ થી ૧૪ જુલાઈ દરમિયાન યોજાનારી આ પરીક્ષામાં જિલ્લાના ૧૨૯૯૮ પરીક્ષાર્થીઓ બેસશે જેમાં ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૧૦ બ્લોકમાં ૩૦૧૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં ૪૯ બ્લોકમાં ૧૭૬૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦ થી ૧.૪૫ તેમજ બપોરે ૩ થી ૬.૧૫ કલાકનો રહેશે. આ ઉપરાંત ધો-૧૦માં પણ ૨૮૯ બ્લોકમાં વિવિધ ૭ વિષયની પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. ૧૦ બિલ્ડીગમાં પરીક્ષા લક્ષી કામગીરી હાથ ધરાશે. જિલ્લામાંથી ૮૨૨૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. સવારે ૧૦ થી ૧.૩૫ અને બપોરે ૩ થી ૬.૩૫ દરમિયાન પરીક્ષા લેવાશે. પૂરક પરીક્ષા દરમિયાન પારદર્શકતા જળવાય તેમજ ગેરરીતીનો કોઈ કિસ્સો ન બને તે માટે બોર્ડ ઉપરાંત સ્થાનિક સ્કવોર્ડની ટીમ વૉચ ગોઠવશે.

ગાંધીનગરમાં પૂરા ફોર્સથી પાણી આપવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં પાણી પુરા ફોર્સથી નહિ મળતુ હોવાનુ તેમજ પાણીજન્ય રોગચાળાના ભયની લાગણી વ્યક્ત કરતુ આવેદન-પત્ર આજે કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો તેમજ શહેર સમિતિના અગ્રણીઓએ મ્યુનિ. કમિશનરશ્રી ખરસાણને આપ્યુ છે.

શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ પટેલ, કોર્પો. પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડા, કાઉન્સીલરો પિન્કીબેન પટેલ, ભાવનાબા વાઘેલા, હંસાબેન મોદી, હસમુખ ઠાકોર, હર્ષજીત પંડ્યા, યુવક કોંગ્રેસના શ્રી અંકિત બારોટ સહિતના આગેવાનોએ આજે બપોરે આ આવેદન-પત્ર મ્યુનિ. કમિશનરશ્રી ખરસાણને આપ્યું હતું.

છ મુદ્દાના આ આવેદન-પત્રમાં પાણીજન્ય રોગચાળાના ભયની લાગણી વ્યક્ત કરતાં જણાવવામાં આવ્યું છે કે વારંવાર માર્ગો તુટી જાય છે તેમજ પ્રદૂષિત પાણી મળવાને કારણે ઝાડા-ઉલ્ટીના કેસો બની રહ્યા છે અને તેમાં વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિનો ઝડપી ઉકેલ આવે તે જરૂરી છે.

શહેરના નવા વિકસી રહેલ સેક્ટરોમાં પણ પુરતા ફોર્સથી પાણી પુરવઠો નહિ મળતો હોવાની રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત માર્ગોના રીપેરીંગ કામકાજમાં જે ધારાધોરણો જળવાવા જોઈએ તે જળવાતા નહિ હોવાનું જણાવતાં કહેવાયું છે કે વારંવાર માર્ગો તુટી જાય છે તેમજ તેનું વાઈન્ડીંગ વર્ક જે થવુ જોઈએ તે થતુ નથી.

આ આવેદન-પત્રમાં શહેરની વારંવાર ખોટવાઈ જતી સ્ટ્રીટ લાઈટો અંગે રજુઆત કરવામાં આવી છે તેમજ સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં ચોરીના બનાવો વધી રહ્યા છે. આ સ્ટ્રીટ લાઈટોના સમારકામમાં પણ યોગ્ય ધ્યાન નહિ અપાતુ હોવાનું જણાવાયું છે.

શહેરની ગટરો વારંવાર ઉભરાઈ જતી હોવાનું આવેદન-પત્રમાં જણાવતાં એવી પણ રજુઆતો કરવામાં આવી છે કે આ અંગેની ફરિયાદો પણ નિયમિત રીતે ઉકેલાતી નથી.

ઝડપી નિર્ણય અને સમજનો અભાવ એટલે ડીલર ઑનલાઈન રજિસ્ટ્રેશન પધ્ધતિ!

આર.ટી.ઓ. અને ડીલરો વચ્ચે સંકલનના અભાવે મુશ્કેલી હજુ સુધી એકપણ વાહનોના નંબર પડયા નથી!

ગાંધીનગર, તા.૯

આર.ટી.ઓ.માં વાહનોના પાસિંગ માટે અમલી બનાવાયેલ ડીલર ઓનલાઈન રજીસ્ટ્રેશન પધ્ધતિના અંતે યોગ્ય સંકલનના અભાવે અનેક સમસ્યાઓ ઉદભવી છે. પધ્ધતિ સંદર્ભેની યોગ્ય સમજના અભાવે સમાહના લાંબા સમય બાદ પણ વાહનોને નંબરો મળ્યા નથી. ઝડપી નિર્ણયના પગલે આ મામલે ભારોભાર અવ્યવસ્થા ઉભી થઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

ગાંધીનગર આરટીઓમાં વાહનોના પાસિંગ માટે ડીલર ઓનલાઈન રજીસ્ટ્રેશન પધ્ધતિ અમલી કરી દેવાને કારણે તેમજ ડિલરોને આ અંગે યોગ્ય સમજ નહીં હોવાને લીધે આરટીઓમાં છેલ્લા નવ દિવસથી વાહનોનાં નંબર પડયા નથી. અન્ય વિસ્તારના ડિલરના વાહનોના પાસિંગ માટે પણ ભારે મુશ્કેલી ઉભી થાય છે. આરટીઓ અને વાહનોના ડીલરો વચ્ચે સંકલનના અભાવે વાહનચાલકો અને કચેરીના સ્ટાફને મુશ્કેલી વેઠવી પડતી હોવાનો રોષ જન્મ્યો છે.

ગાંધીનગરની આરટીઓ કચેરીને હાઈટેક અને કોમ્પ્યુટરાઈઝડ બનાવવા માટે તંત્ર દ્વારા નિયમો ઘડાય છે. જેના કારણે કર્મચારીઓ અને અધિકારીઓ ઉપરાંત વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. વાહન વ્યવહાર કમિશનર દ્વારા પહેલી જુલાઈથી વાહનના રજીસ્ટ્રેશન માટે ડીલર ઓનલાઈનની પધ્ધતિ અમલમાં મુકવામાં આવી છે ત્યારે નગરના ઘણા વાહનોના ડીલરોએ આ ઓનલાઈન સિસ્ટમ અંગે સમજ નહીં હોવા ઉપરાંત ગાંધીનગર આરટીઓ અને ડીલરો વચ્ચે સંકલન નહીં હોવાના લીધે વાહનચાલકોના વાહનોના નંબર પડતા જ નથી. એટલું જ નહીં, ગાંધીનગર આરટીઓમાં જુલાઈ માસના પ્રથમ દિવસથી અમલી થયેલી આ પધ્ધતિમાં અત્યાર સુધી એક પણ વાહનોના નંબર પડયા જ ન હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

અમદાવાદ તેમજ અન્ય વિસ્તારોમાંથી વાહન છોડાવીને આવતા ગાંધીનગરના વાહનચાલકોને મુશ્કેલી વેઠવી પડે છે.

૧૮મીએ મનપાની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી સામાન્ય સભા આગામી ૧૮મી જુલાઈના રોજ મળશે.

મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળનારી આ સામાન્ય સભામાં સ્વચ્છતા અને આરોગ્ય વિષયક ગુનાઓના ઝડપી નિકાલ માટે મોબાઈલ કોર્ટની રચના કરવા અંગેના સ્થાયી સમિતિના નિર્ણયને બહાલી આપવામાં આવશે.

આ પ્રસ્તાવ આ પછી રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલવામાં આવશે અને તે મંજૂરી મળેથી આ કોર્ટ કાર્યાન્વીત કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સામાન્યસભાની આ બેઠમાં વિપક્ષ દ્વારા કોઈ પ્રસ્તાવ આવે તેવી શક્યતાઓ દેખાતી નથી તો શાસક પક્ષ પણ હમણાં કોઈ આક્રમક મૂડમાં નથી. આ બેઠક રૂટીન બેઠક બની રહે તેવી સંભાવનાઓ છે.

બન્ને પક્ષો વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓ અંગેની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે અને વોર્ડવાર તેમજ બુથવાર બેઠકોમાં આ આગેવાનો વ્યસ્ત છે. જો કે આ બેઠકમાં કદાચ પ્રશ્નોત્તરી દાખલ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગરના માર્ગો પહોળા કરવામાં આવ્યા... મુખ્ય માર્ગો પર આવતી ગટર લાઈનના ઢાંકણા ભારે વાહનોને કારણે કાં તો તૂટી જાય છે... કાં તો ઉંચા થઈ જાય છે... તંત્ર દ્વારા રીપેર કરવામાં આવે છે... થીગડા મારવામાં આવે છે... પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લેવામાં આવે તો સારૂ નહિ તો નાના વાહન ચાલકોને રાત્રે આ પરિસ્થિતિની જાણ હોવાથી ગંભીર અકસ્માત થઈ શકે છે... કોઈ નક્કર ઉપાય આ માટે વિચારાય તો સારૂ...

દહેગામ પોલીસ સ્ટેશનમાં યુવાને દોરડા વડે ગળાફાંસો ખાધો

સસરાને જાનથી મારી નાંખવાની ધમકીના કેસમાં યુવાનને પૂછતાછ માટે પોલીસ સ્ટેશન લવાયો હતો

ગાંધીનગર, તા. ૯

દહેગામ પોલીસ સ્ટેશનના કોમ્પ્યૂટર રૂમમાં યુવાને દોરડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા જિલ્લા પોલીસતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસ સ્ટેશનમાં જ યુવાને જીવનનો અંત લાવતા ઘટનાને પગલે ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. સમગ્ર મામલાની યોગ્ય તપાસ પ્રાંત અધિકારીને સોંપવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દહેગામ પોલીસ સ્ટેશનના બે પોલીસ જવાનોએ ગઈકાલે જિલ્લાના વાસણિયા મહાદેવ ગામમાં જઈ રીક્ષાચાલક ભરતસિંહ સોનાજી વાઘેલા (ઉં.વ.૨૨) તેમજ તેના કાકા બળદેવસિંહને પકડીને દહેગામ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. સસરાને જાનથી મારી નાંખવાની ધમકી આપવાના ગુનામાં પોલીસે આ બન્નેની પૂછતાછ હાથ ધરી હતી. આ દરમિયાન તેના કાકાને પોલીસે જવા દીધા હતા અને ભરતસિંહને પૂછતાછ માટે બેસાડી રાખ્યા હતા. જ્યારે ગતરાતથી સવારના સમય દરમિયાન ભરતસિંહ પોલીસ સ્ટેશનના કોમ્પ્યૂટર રૂમમાં જ દોરડા વડે ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો હતો. જાણવા મળ્યા મુજબ પોલીસે યુવાનની અટકાયત પણ કાગળ પર દર્શાવી નથી. આ ઘટનાની જાણ થતા જ પોલીસતંત્રના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ મામલે કસ્ટોડીયલ ડેથનો ગુનો દાખલ કરી સમગ્ર કેસની તપાસ ગાંધીનગર પ્રાંત અધિકારીને સોંપવામાં આવશે. જેના અંતે જવાબદાર પોલીસ અધિકારી કે કર્મચારી વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરાશે. પોલીસ સ્ટેશનમાં જ યુવાને ગળાફાંસો ખાતા દોડતા થયેલા પોલીસ અધિકારીઓની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. બીજીતરફ આ ઘટનાને લઈ અનેક સવાલો મંડરાયા છે.

મારા ભાઈને ગડદાપાટુનો માર મારી વારંવાર ધમકીઓ અપાતી હતી..!

ગાંધીનગર, તા. ૯

દહેગામ પોલીસ સ્ટેશનમાં યુવાને આપઘાત કરતા તેના સગા ભાઈએ આ મામલે જવાબદાર પોલીસ અધિકારી સામે ત્વરિત પગલા લેવા જિલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી છે. જેમાં મરનાર ભરતસિંહના ભાઈ દિલીપસિંહે જણાવ્યા મુજબ તેમના ભાઈ ભરતસિંહને તેના સસરા અરવિંદસિંહ અવાર-નવાર ધમકી આપતા હતા. પત્ની સાથે મનદુઃખ હોવાના મામલે સસરા દ્વારા વારંવાર દહેગામ પોલીસ સ્ટેશનમાં મોટી વગ હોવાની ધમકીઓ આપવામાં આવતી હતી. જ્યારે દહેગામ પોલીસે મારા ભાઈને ગડદાપાટુનો માર મારી અઠવાડીયા સુધી જેલમાં રાખવાનું કહી ત્રાસ આપીને બિવડાવતા તેણે ગળેફાંસો ખાધો હોવાની વેદના પણ મરનારના ભાઈએ જિલ્લા પોલીસ અધિક્ષને રજૂઆતમાં બયાન કરી છે.

Happy Birthday

રૂદ્ર જે. પટેલ
પ્રથમ વર્ષગાંઠે અમારા અંતરના આશિષ
અનિતા જે પટેલ
દાદા - દાદી
ફોઈ- મામા-માસી
અને નાના
સર્વેના શુભાશિષ

જોઈએ છે
પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઈએ છે
વિજય ઓટોમોબાઈલ્સ
સે.૧૧, પ્લોટ નં. ૧૨
મળવાનો સમય
બપોરે : ૧૨-૦૦ થી ૨-૦૦

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગરસમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ત્રીજા નાણાં પંચમાં બે પૂર્ણકાલિન સભ્યો તરીકે યમલ વ્યાસ અને દિનેશ ચોક્સીની નિમણૂંક

ગાંધીનગર, તા.૯

ગુજરાત સરકારે ગુજરાત રાજ્ય ત્રીજા નાણાં પંચના પૂર્ણકાલિન સભ્ય તરીકે જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી યમલ અશ્વિનકુમાર વ્યાસની તથા અન્ય સભ્ય તરીકે શ્રી દિનેશ કાંતિલાલ ચોકસીની નિમણૂંક કરી છે.

રાજ્યના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ દ્વારા આ અંગે જારી કરવામાં આવેલ ઠરાવમાં જણાવ્યા અનુસાર આ બંને સભ્યોને રાજ્ય સરકારના સંસદીય સચિવને મળવાપાત્ર સવલતો પ્રાપ્ત થશે.

અત્રેએ નિર્દેશ કરવો જરૂરી છે કે રાજ્યની ત્રિ-સ્તરીય પંચાયતો તથા શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ જેવી કે મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલીટીઓની નાણાંકીય પરિસ્થિતિની સમીક્ષા કરવા અને તેમને આર્થિક મદદ માટેનું ધોરણ સ્વરૂપ તથા કરવેરા ફાળવણીના સિધ્ધાંતો અંગે સરકારને ભલામણ કરવા રાજ્ય સરકારે ડૉ. ભરત ગરીવાલાના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજ્યના ત્રીજા નાણાં પંચની રચના કરેલી છે.

News Paper Ads. • Logo - Symbol • Stationery
Hoarding • Banners • Poster
Invitation Card • Books • House Magazine
PARAM CREATIONS
707, Shalin Complex, Sector 11, Gandhinagar. Ph. : 079-23243644.
we design your desire...

SANGHI CEMENT
Kisan
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
TATA STEEL • PIPES • SHEETS
ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com